<u>મે.વડોદરાના ૧૫માં જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં, વડોદરા.</u>

<u>ગુ.મુ.નં.૮૯૩૨૭/૨૦૨૪</u>
આંક–

GJVD021015362024

**ફરિયાદી :– શ્રી સરકાર**

**વિરૂઘ્ઘ**

**આરોપી:– વિશાલભાઈ રસિકભાઈ પટેલ**

**–::જજમેન્ટ::–**

આ કામે ફરીયાદપક્ષે આરોપી ઉપર **બી.એન.એસ.–૨૨૩** મુજબના ગુનાનો આરોપ મુકેલો છે. આ ગુનાના આરોપીને સમન્સ કરતાં આરોપી હાજર થયેલા તેમને **બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦** મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડતાં આરોપીએ સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરી ગુના કબુલાત પુરશીશ કામમાં દાખલ કરેલી છે. તે રીતે આરોપીનું પ્રાથમિક નિવેદન લેતાં આરોપીએ સ્વૈચ્છીક રીતે ગુનાનોસ્વીકાર કરી એવી રજુઆત કરી છે કે, તેઓનો હાલનો પ્રથમ ગુનો છે. તેમની આર્થિક પરિસ્થિતિ ખુબ જ નબળી છે. હવે પછી આ પ્રકારની ભુલ કરશે નહીં. દયા કરી તેમને હળવી રકમનો દંડ કરવા અરજ કરેલ છે. આરોપી તેની સામેના આક્ષેપોનો સ્વીકાર કરતા હોય, આ ગુનાની કબુલાત સ્વૈચ્છીક હોવાની ખાતરી કરેલ છે. આરોપી ગુનાનો સ્વીકાર કરતા હોય

તેમને તકસીરવાન ઠરાવ્યા સીવાય પરિસ્થિતિ સમક્ષ નજર રાખતા આરોપીને હળવી રકમનો દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ સરે તેમ છે. તે જ રીતે, **નામ.ગુજરાત હાઈકોર્ટના ચુકાદા STATE OF GUJARAT V/S NATVARN HARKHACHANDJI THAKOR 2005(1) = G.L.P.709: 2005(1) GCD 749** માં ઠરાવેલ સિધ્ધાંતો નજર સમક્ષ રાખતાં કાયદામાં ઠરાવેલ લઘુતમ સજા કરતા પણ ઓછી સજા ખાસ સંજોગોમાં અદાલત કરી શકે છે તેવું ઉપરોકત ચુકાદામાં ઠરાવેલું છે. જે મુજબ નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**::હુકમ::**

આ કામના આરોપીને **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા –૨૦૨૩ ની કલમ–૨૭૫ અન્વયે બી.એન.એસ.–૨૨૩** ના ગુનામાં તકસીરવાન ઠરાવી ગુનામાં આરોપીને **રૂ. ૧૦૦૦ /–(અંકે રૂપિયા એક હજાર )** નો દંડની સજાનો હુકમ ફરામાવવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો **દિન– ૧૦** ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

આ કામે કબ્જે કરવામાં આવેલ વેલ્યુએબલ મુદામાલ અંગે અગાઉ જો કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે આથી કાયમી કરવામાં આવે છે. અન્યથા મુદામાલની માલીકી અંગે ખરાઈ કરી મુળ માલિકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે તેમજ સદર કામે કબજે કરવામાં આવેલ નોન વેલ્યુએબલ મુદામાલનો અપીલ સમય પુરો થયેથી નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

તેમજ મુદામાલ નાણા હોય તો સરકાર ખાતે જમા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૪ મી માંહે ડિસેમ્બર સને ૨૦૨૪ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૪/૧૨/૨૦૨૪
વડોદરા.

(એસ.આર.આહુજા)
૧૫માં જ્યુડી.મેજી.ફ.ક.
વડોદરા. કોડ નં. ૦૧૭૪૨